સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૬૨૧

ધાક-ધમકી ઓઠે ડરાવે જગને, એ જુઠ્ઠું છે!
વિશ્વના વનમાં હિંસક શિકારી થઇ પેઠું છે!
દીઠું છે પોપાં રાજ, રાષ્ટ્ર-સંઘને ગણકારે ના -
ડહોળે શાંતિને વિશ્વ-જમાદાર થઇ બેઠું છે..
(અમેરિકાની યુદ્ધ તૈયારી - સિરીયા પર)

અટકાયતો,
ને પોલીસ સહાયે -
રાખી છે લાજ..
(બંધ સફળ, અંશતઃ)

દીધું ભાષણ..
લાલ-કિલ્લા પરથી -
આત્મ સંતોષ!
(સ્વપ્ન-સફળ..)

ચિંતન

સુધાશો જાતેયં કથમપિ કલંકસ્ય કણિકા વિધાતુર્દોષો અયં ન ચ ગુણનિધેસ્તેસ્ત કિમપિ ।
સ કિં નાત્રેઃ પુત્રો ન કિમુ હરચૂડાર્ચનમણિ ર્ન વા હન્તિ ધ્વાન્તં જગદુરપિ કિં વા ન વસતિ ॥

સુભાષિત-રત્ન-ભાંડાગારના બીજા પ્રકરણ 'નસીબનો મહિમા'નો આ શ્લોક છે :

'ચંદ્ર શું અત્રિ મુનિનો પુત્ર નથી? અને વળી તે મહાદેવના જટામુકુટ ને શું શોભાવનારો મણિ નથી? તે શું અંધકારને નાશ કરનારો નથી? અને સંપૂર્ણ વિશ્વથી તેનું સ્થાન શું ઊંચું નથી? આમ ચંદ્ર ગુણોનો ભંડાર હોવા છતાં તેને જ કલંકની કણી લાગી ગઇ છે તે તો નશીબનો જ મહિમા છે.'

ચંદ્ર શ્રેષ્ઠ હોવા છતાં રાહુથી તે પરેશાન છે. તેના શ્વસુરને શાપ કારણે તેને ક્ષય રોગ થયો પણ સોમનાથ કૃપાથી તેની પંદર દિવસની ચંદ્રકળા નિશ્ચિત થઇ - જે મહાદેવના મસ્તકની શોભા બની રહ્યો છે. પૂર્ણ ચંદ્રની શીતળ ચાંદની જગતને શાતા આપે છે - અત્રિ મુનિનો પુત્ર છે છતાં 'ચંદ્ર' માં કલંક છે.

ગમે તેવી શ્રેષ્ઠ વ્યક્તિ હોય, ઉચ્ચ સ્થાને હોય, મોટા માણસોની સંગતમાં રહેતા હોય, વિદ્વાન હોય, વક્તા હોય, સંત તરીકે પૂજાતા હોય છતાં 'કલંક' ની કણી નશીબમાં હોય ત્યારે લાગે છે - એમાંથી કોઇ બચાવી શકતું નથી.

સુવિચાર

- ચાલો આપણે સૌ સંકલ્પ કરીયે કે આપણે એક જ ચહેરાથી જીવીશું, આપણે જે છીએ તેવા જ દેખાવા નો અભિગમ દાખવીશું **- મુનિ ચંદ્રવિજયજી**
- સંસારીઓ માટે ચતુરાઇ ગુણ છે, સાધુઓ માટે તે દોષ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- દૃઢ નિશ્ચય જ સારામાં સારી અને સાચામાં સાચી ચતુરાઇ ગણાય છે **- સ્ટીવ જોબ્સ**
- માણસ પાસે જે છે તેમાં સંતુષ્ટ બને... અને માણસ છે જે એમાં અંસતુષ્ટ બને તો કેટલું સારૂ થાય **- ડોંગરેજી**
- જયાં ભાગ્ય વ્યક્તિને તાજથી વંચિત રાખે છે ત્યાં સંતોષ તેને મુગટ પહેરાવે છે **- ફાધર વર્ગીસ**
- શરીરને પરોપકાર, પરમાર્થમાં લગાવાય તો તે સાર્થક છે, નહીંતર તે માત્ર મૃત્યુની રાહ જોનારૂં છે **- ઇરાની કહેવત**
- સ્નેહના તારે દિલડાં ગુંથાય અને બેવ જીસ્મ એક જાન થાય તેનું નામ લગ્ન **- ભીખુદાન ગઢવી**

બોધ કથા

આજે અનેક સંપ્રદાયના સંતો કથાકારો, પોતાના અનુયાયીઓને ડુંગળી-લસણ-દારૂ-વ્યસનથી છોડાવી શકે છે કારણ કે તેમના અનુયાયીઓની તેમના પર શ્રદ્ધા-વિશ્વાસ છે અને એ શ્રદ્ધેય તરફ તેમને હૃદયપૂર્વકનું માન-સન્માન અને આદર હોય છે તો જ એમનાં 'શબ્દોની અસર' થાય..

કે.એલ.સાયગલને નૌશાદજી પ્રત્યે ખૂબ જ માન-સન્માન અને આદરની ભાવના હતી. 'સાયગલ'ને સાયગલ બનાવવામાં નૌશાદનો સારો-મોટો ફાળો હતો.

એક વખત સવારે જ નૌશાદજીએ સાયગલ ને સૂચના આપી કે આજનું ગીત ખૂબ કરૂણાસભર છે અને એ હૃદયના ભાવથી ગાવાનું છે માત્ર કંઠનું કામ નથી. સાયગલ માન્યા નહીં દારૂ પી ને જ રેકોર્ડીંગમાં આવ્યા. આવું બીજી વખત થયું - બે બે વાર રેકોર્ડીંગ કેન્સલ કર્યું. અંતે નૌશાદજીએ કહ્યું જયાં સુધી તમે દારૂ પીધા વિના નહીં આવો ત્યાં સુધી હું ગીત રેકોર્ડ નહીં કરૂં! સાયગલે વિનંતી સાથે પોતાની નબળાઇ કહી, પણ નૌશાદ એકના બે ન થયા તે ન જ થયા.

આખરે સાયગલે દારૂ પીધા વીના ગીત ગાયું -

'ગમ દીયે મુશીકીલ, કિતના નાજૂક હૈ દિલ... હાયે હાયે યે જમાના' રેકોર્ડીંગ પછી સાયગલ રહીને નૌશાદને ભેટ્યા અને કહ્યું તમે મારી આદત લત બની એ પહેલાં મળ્યાં હોત તો આજે મારી આ હાલત ન હોત - અને આ ગીત 'અમર' થઇ ગયું..

Email - sureshchandrabhatt18@gmail.com

બાળકને સારી ટેવો પાડવી પડશે, એને સ્વસ્થ તંદુરસ્ત રાખવું હશે, એને વિનયી બનાવવાનું હશે, તો સ્વયં વડીલોએ શિસ્ત, સંયમ અને સદાચાર અપનાવવા પડશે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

બાળઉછેરની રીતો જમાને જમાને અને પ્રદેશે પ્રદેશ અલગ રહી છે. વડીલોએ ઊછરતાં બાલકો સાથે કેમ વર્તવું, બાળકો પર કેટલું અને કેવું નિયંત્રણ રાખવું, એમને કેટલી સ્વતંત્રતા આપવી, એમની કેવી કેવી કસોટી કરતાં રહેવું. આ બધુંય સતત બદલાતું રહ્યું છે. સમાજની જરૂરિયાતો પણ બાળઉછેરનાં ધોરણો અને નિયમો પર પ્રભાવ પડે છે, જેમ કે ગ્રીસના નગરરાજય સ્પાર્સના અઢી ત્રણ હજાર વર્ષો વર્ષો અગાઉંના નાગરિકો પોતાના સંતાનને (નર સંતાનને) જન્મ પછી કેટલાય સમયે એક કસોટીમાંથી પસાર કરતા. નગરની બાજુમાં એક ટેકરી હતી. એની ટોચ પરથી બાળખને નીચે ગબડાવતા. જે આ કસોટીમાંથી જીવતા રહે તે ઉછરે!

પુરાણકાળે, મધ્યયુગમાં અને અઢારમી તથા ઓગણીસમી સદીમાં પણ બાળકોને આકરી કસોટીઓમાંથી પસાર કરવામાં આવતાં. વિશેષમાં, એમના પર આકરી શિસ્ત લાદવામાં આવતી. બાળકોને અતિશય પ્રમાણમાં આજ્ઞાંકિત બનવાનું રહેતું. ઘરનાં વડીલો, માતાપિતા, કૌટુંબિક વડીલો, શિક્ષખો જે કાંઇ આજ્ઞા આપે તેનું પાલન કરવું પડતું. તેની સામે વાંધો ઉઠાવવાનું તો દૂર રહ્યું. પ્રશ્ન કરવાનો પણ અવકાશ ન રહેતો. પિતાની આજ્ઞા થતાં જ દસેક વર્ષનો છોકરો ચૂપચાપ પોતાનું મસ્તક કપાવવા તૈયાર થઇ જાય. માતાપિતાએ પ્રતિજ્ઞા કરી સાધુ, જાતિને જે માગે તે ખવડાવવાની પ્રતિજ્ઞા કરી હોય અને એક સાધુ આવીને એમનાં દીકરાનું માથું કાપીને, ખાંડીને રાંધવા કહે ત્યારે ચૂં કે ચાં કર્યા વગર દીકરો માથું કપાવવા તત્પર થઇ જાય. ભાનભૂલી રાણી, ઇતર રાણીથી થયેલા છોકરાને ૧૪ વર્ષ માટે વનવાસ આપવાની ઇચ્છા કરે અને એ છોકરો ચૂપચાપ મા-બાપની આજ્ઞા માની લે. આ અને આ પ્રકારની કથાઓની ભરમાર ચાલી. બાળક નાના હોય ત્યારથી આવી કથાઓ કહેવાય, આવી જ કથાઓની રામલીલાઓ ભજવાય, આવી જ કથાઓ ભણાવાય પછી સંતાન એ જ આજ્ઞા ધારકતાના સંસ્કાર પામે. ઓગણીસમી સદીનાં બાળકો માટેનાં ઘણાં ખરાં પુસ્તકોમાં અને પાઠ્યપુસ્તકોમાં શાંત, નિરૂપદ્રવી, આજ્ઞાધારી બાળકોનો ઢગલાબંધ મહિમા થયો.

પણ ઓગણીસમી સદીમાં જ માનસશાસ્ત્રી ફ્રોઇડ થયા. અન્ય વિજ્ઞાનીઓ થયા. માદામ મોન્ટેસોરી જેવા બાળ-સ્વાતંત્ર્યનાં હિમાયતી જાગ્યા. એમણે બાળકને રમતની, વર્તનની અને ભણતરની સ્વતંત્રતા મળવી જોઇએ. એવો જોરદાર અનુરોધ કર્યો. નાના બાળકો પર દાબ આણવાથી, એકધારી કામગીરી કરાવવાથી, શિક્ષા કરવાથી વિપરીત પરિણામ આવે છે. નાનપણમાં શક્તિરહિત બાળક દબાણ અને ડરને વશ થઇ જાય છે. પરંતુ એના માનસમાં દબાયેલા ક્રોધના તક મળ્યે બળવો કરવાના, અણગમતા આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાનાં સંસ્કાર દૃઢ બનતાં જાય છે. એક સિદ્ધાંત એવો પણ આવ્યો કે બાળકને આપમેળે વિકસવા દેવું અને 'ઘડવા' અથવા' 'આકાર આપવા' માટે પ્રયત્નો કરવા નહીં. એવું પણ કહેવામાં આવ્યું કે બાળકને ઘાટ આપવાની કોશિશ કરનારાઓ બોન્સાઇનો પ્રયોગ કરે છે. બોન્સાઇ મૂળે જાપાને વિકસાવેલી વૃક્ષ ઉછેરની એક ખાસ પદ્ધતિ છે. એમાં વૃક્ષ ઊગે પછી એની સતત કાટછાંટ કરીને એનું કદ નાનું રાખવામાં આવે છે. એટલે વૃક્ષના આકારનું વૃક્ષ તો મળે છે, પરંતુ વૃક્ષની વિશાળતા, એની ફલદ્રુપતા વગેરેનો નાશ થાય છે. એટલે કે બાળક પર બોન્સાઇ પ્રયોગ કરવાથી એનો વિકાસ અવરોધાઇ જાય છે. માટે એને મુક્તપણે વિકસવા દો.

પરંતુ બાળકને અતિશય મુક્તિ આપવાનાં પણ કેટલાંક માઠાં પરિણામ આવવા લાગ્યાં જણાય છે.

એક માતાની કેફિયત જુઓ :

'મારો દીકરો સાડા પાંચ વર્ષનો છે અને એને કશી જ ખાદ્ય સામગ્રીનો અભાવ નથી. એટલે કે એને બધું જ ભાવે છે. એ ગાજર, કાકડી, કોબીજનો સલાહ પ્રેમથી ખાય છે. રીંગણા પણ ઝાપટે છે અને કારેલાં સામે મોં મચકોડતો નથી. અત્યાર સુધીમાં એને પાંચ જન્મદિવસોએ જ કેક મળી છે. એ સિવાય એને આવી સ્વીટ્સ મળી નથી અને એણે માગી પણ નથી. મેકડોનલ્ડ જેવાં રેસ્ટોરામાં એને વર્ષમાં બે એક વાર લઇ જઇએ છીએ અને એણે પોતે કદી એ માટે જીદ કરી નથી. એની તંદુરસ્તી એના સ્વસ્થ દાંત, ગળામાં ઇન્ફેક્શન વગેરેનો અભાવ, વગેરે જોઇને એના ડોક્ટર બેહદ ખુશાલી વ્યક્ત કરે છે. પણ... પણ મારી મમ્મી અને ઘણી બહેનપણીઓ મને ઠપકો આપે છે કે તું બાળપણ છીનવી રહી છે . અરે બાઇ, જે ઉંમરે બાળકને મોજમસ્તીથી ખાવા અને પીવા દેવું જોઇએ ત્યારે તું સાધુ, મહાત્મા બનાવાની તાલીમ આપી રહી છે!'

હવે આ બહેનની કેફિયતનું જરાક વિશ્લેષણ કરો. એમનો દીકરો ગાજર, કાકડી, કારેલાં પણ ખાય છે. તે સ્વેચ્છાથી ખાય છે. બહેને એને આવું ખાવા ફરજ નથી પાડી. બરાબર? વાસ્તવમાં, બાળકને અમુક વર્તન માટે ફરજ પાવડામાં આવે તો પરિણામ વિપરીત આવે છે. કોઇ પણ બાળક એના જન્મથી જ કે સમજવું થાય ત્યારથી જ કસા ભાવ-અભાવ ધરાવતું નથી. એવું બધું જ એ અનુભવથી શીખે છે. પરિવારમાં ઘણાંને રીંગણો પસંદ નથી. ઘણાનાં કારેલાં ઝેર જેવા લાગે છે. ખીંચડી તો દીઠી નથી ગમતી! બાળકોને કાન તો હોય જ છે. દિમાગ આપણા સૌના કરતાં સારૂં હોય છે. તે આસપાસ ઉચ્ચારાતી વાતો ઝીલી લે છે અને ભાવ અભાવ નક્કી કરી નાંખે છે. આગળ જતા, એમની મમ્મીઓ અને દાદીઓ એની રૂચિઓ અરૂચિઓને દૃઢ કરે છે. 'અમારા મુન્નાને તો કારેલાં જરાય ન ભાવે!' 'અમારી મુન્ની દૂધને તો અડકતી જ નથી! વગેરે... જે માતાની આ કેફિયત છે, એના પરિવારમાં વાયડી ટેવોવાળા લોકો નહીં હોય અથવા હોય તો બાળકની હાજરીમાં એનો ઉચ્ચાર કરતાં નહીં હોય, બાળકની હાજરીમાં શું બોલાય અને શું ન બોલાય, એની પણ વિસ્તૃત સમજણ કેળવવાની જરૂર છે.'

એ બહેનનું એક વિધાન જુઓ, 'એને પાંચ જન્મદિવસોએ જ કેક વગેરે મળ્યાં છે.' 'એટલે કે એને કેક, ચોકલેટ, સ્વીટ્સની બધી ફરમાવવામાં નથી આવી. માત્ર એટલો નિયમ બનાવવામાં આવ્યો છે કે આવી ચીજો જન્મદિવસ જેવા પ્રસંગે કે ઉત્સવે જ ખવાય. આજકાલ દેશમાં મધ્યમવર્ગ ઘણો મોટો થતો જાય છે. એની પાસે ફિઝુલખર્ચી માટે નાણાં છલકાઇ રહ્યાં છે. અધુરામાં પૂરૂં સમગ્ર અર્થતંત્ર અમેરિકાની વાનર નકલ કરીને વપરાશવાદી કે ઉપભોક્તાવાદી વકરી શકે એ માટે હજાર જેટલી ટીવી ચેનલો ચલાવવાની છૂટ આપવામાં આવી છે, જો માત્ર નફાખોરોની જાહેરાખબરોની કમાણી પર નિર્ભર છે અને નફાખોરો તો ભોળા બાળકો પર જ પોતાની ગંદી નજર પ્રથમ નાખવાનાં! વપરાશવાદના આવા કાતિલ આક્રમણ સામે જો ખુદ પરિવાર સાદગીથી અને નિયમસર જીવવાનું ઠરાવે તો બાળક પણ સંયમી બનવાનું જ છે.'

બહેનનું એક વિધાન આ છે : મેકડોનાલ્ડ જેવા રેસ્ટોરાંમાં વર્ષમાં બે એકવાર ભોજન લઇએ છીએ. વાસ્તવમાં કમ સે કમ શહેરી વિસ્તારોમાં બહાર જમવાનો મહિમા રાજરોગ બની રહ્યો છે. રાજયના મોટાભાગના મોટાં શહેરોમાં રવિવારે તો સાંજે રસોઇ ન જ કરાય, એવી માન્યતા દૃઢ બનતી જાય છે, બહાર જમવાનું બને છે. તમે જયાં જમવા જાઓ છો ત્યાં સો રૂપિયા લઇને વીસ રૂપિયાના મૂલ્યનું ખાવાનું અપાય છે. અને એમાં પણ ખાવા માટે રોગ પીરસાય છે. આ વિષચક્રથી બચવામાં આવે તો બાળક પર કશો જુલમ નથી થઇ જતો.

આખી ચર્ચાનો સાર એ છે કે બાળકને સારી ટેવો પાડવી પડશે. એને સ્વસ્થ તંદુરસ્ત રાખવું હશે. એને વિનયી બનાવવાનું હશે, તો સ્વયં વડીલોએ શિસ્ત, સંયમ અને સદાચાર અપનાવવા પડશે.

સંવેદનના વહેતા ઝરણા જેવી વિદેશી નવલકથાનો સુંદર ભાવાનુવાદ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સમયાંતરે અવારનવાર દેશની વિવિધ ભાષાઓમાંથી અથવા સાહિત્યની કૃતિઓનાં અનુવાદો આપણને મળતા હોય છે. તેના દ્વારા વિશ્વ સાહિત્યનો આસ્વાદ કરવાનો વાચકને મોકો મળે છે. તેથી અત્યાર સુધીમાં સેંકડો અનુદિત કૃતિઓ પ્રકાશિત થતી રહે છે. જેને વાચકોએ દિલથી બિરદાવી છે.

સામાન્ય રીતે અનુદિત કૃતિઓ એવું બને છે કે એ કૃતિ જે મૂળ ભાષામાં લખાઇ હોય ત્યાંની જીવનશૈલી અને ત્યાંના પરિવેશ - સંદર્ભો એમાં હોય છે. એના બે પરિણામ આવી શકે. એક તો વાચકોને અન્ય જીવનશૈલી તેમજ પરિવેશ વિશે જાણવા મળે એનો રોમાંચ થાય. બીજું એ પારકી જીવનશૈલી અને પારકા પરિવેશ સાથે પોતાને શી નિસ્બત - એવા વિચાર સાથે રંજ પણ થાય.

અલબત્ત, સંવેદનશીલતા તો કોઇ પણ પ્રદેશ પૂરતિ સીમિત કે બંધિયાર હોતી નથી, પ્રેમ, રાષ્ટ્રભક્તિ, સામાજિક નિષ્ઠા અને માનવ મૂલ્યો જેવી બાબતો સર્વત્ર સમાન જ હોય છે. ભાષા જુદી હોય પણ હાસ્ય, રૂદન, ક્રોધ, વહાલ, ભય વિગેરે સંવેદનો કયાં જુદા હોય છે.

આજે મારે તમને સંવેદનાના વહેતા ઝરણા જેવી વિદેશી નવલકથા પીકવીક પેપર્સ વિશે વાત કરવી છે. ડિકન્સના વિપુલ સાહિત્યમાંથી સુરેશ શુક્લ એ 'પીકવીક પેપર્સ' નો ભાવાનુવાસ કર્યો છે.

અગાઉ જેમણે ડિકન્સની નવલકથાઓ વાંચી હશે એ જાણતા જ હશે કે ડિકન્સની નવલકથાઓમાં એકસૂત્રતાનો અભાવ રહ્યો છે. સામાન્ય રીતે અહીં અનુવાદકે મિસ્ટર પીકવીક અને તેમના મિત્રોની મંડળીને ધ્યાનમાં રાખીને મિસ્ટર માકા પારસી બાવાને મૌલિક રીતે મુક્યા છે. તે મિસ્ટર ડોલર અને તેમનાં પત્ની, સ્ટીજન્સ અને કોબલરને રજૂ કર્યાં નથી. ડિકન્સે અહીં લેટીન અને ફ્રેંચ ભાષાનો ઉપયોગ કર્યો છે ત્યાં અનુવાદકે તેને આપણી માતૃભાષામાં જ રજૂ કરવાનો સરસ પ્રયાસ કર્યો છે. તેથી આ ભાવાનુવાદ ખરેખર વાચનક્ષમ અને રૂચિકર બન્યો છે.



'અ ડિનર ઇન પોપલર વોક' ત્યાર બાદ 'સ્કેચીઝ બાય બોઝ' (ઇ.સ.૧૮૩૬) એ સમયનાં જુદાં જુદાં સામયિકોમાં રેખાચિત્રો, પ્રસિદ્ધ થયેલાં આ સમયગાળામાં ડિકન્સે 'પીકવીક પેપર્સ' લખવાનું શરૂ કર્યું અને એ સમયના ઇંગ્લેન્ડના સાહિત્ય વર્તુળમાં ડિકન્સની લેખક તરીકેની ગણના શરૂ થઇ. આ સમય ગાળા દરમિયાન ડિકન્સે અમેરિકાનો પ્રવાસ કર્યો પણ એમની અપેક્ષા પ્રમાણે તેમને અર્થલાભ ન થયો પરિણામે થોડો સમય તો જાણે તે એકદમ નિરાશના વમળમાં ફસાયા અને એ અનુભવને વ્યક્ત કરતાં કહ્યું.

'This is not the Republic I came to see. This is not the Republic of my imagination.'

ડિકન્સની નવલકથાની પાત્રસૃષ્ટિમાં જે તીવ્ર સંવેદનશીલતા જોવા મળે છે. એ પ્રકારની તીવ્ર સંવેદનસીલતાનું તેમનાં સમકાલીનોમાં પ્રમાણ કાંઇક ઓછું છે. ડિકન્સની નવલકથાને વ્યવસ્થિત પ્લોટ ન હોય પણ સૌ વાચકોને રૂચિકર એવી ઘટનાઓમાં મિસ્ટર મિકાલર મિસિસ ગેમ્પ, મિલ ડોકા, અને ફ્લોરાની અસર વાચકોના માનસપટ પર લાંબો સમય રહે છે.

સામાન્ય રીતે એમની નવલકથાઓમાં ઇ.સ. ૧૮૨૦-૧૮-૩૫ નું ધુમ્મસવાળું ધુળીયું લંડન, નાની મોટી દુકાનો, કાળા મેશ પરા વિસ્તારનાં દેવળો, નાના મોટા ભેજવાળા ભોંયરામાં જુગારીઓનાં અડ્ડા કે અસામાજિક તત્ત્વોની હેરાફેરીના સુંદર શબ્દચિત્રોથી સભર છે. એ પાત્રસૃષ્ટિમાં એ સમયનાં બૌદ્ધિકોનું અથવા અમીર ઉમરાવોનું નિરૂપણ ભાગ્યે જ જોવા મળે છે. મહદંશે આંગ્લ સમાજના મધ્યમ વર્ગ અને નીચલા વર્ગની દુર્દશા એ લોકોના સંઘર્ષનો સુંદર ચિતાર આપ્યો છે. ડિકન્સના વિશાળ હૃદયનો એકાદ ખૂણો ઋજુ જ રહ્યો છે. એમની નવલકથામાં અસંખ્ય સેન્ટિમેન્ટલ દૃશ્યો છે. કયારેક વાચકોને લાગે કે આ લેખક એકની એક વાત વારંવાર કહ્યા કરે છે. પણ એ દુઃખી બાળપણની, ઓશીયાળા પણાની જાણે કે એ સમયને આંગ્લ સમાજ ગરીબ બાળકને સોરવી નાખતો, ડિકન્સ પણ કેટલાક વિવેચકોનો આરોપ છે કે એમની નવલકથાને કોઇ ખાસ વ્યવસ્થિત પ્લોટ હોતો નથી. અનેક પ્રકારના વિષયાંતર હોય છે. આમ છતાં ડિકન્સનાં પાત્રો કયારેક આપણને લંડનની શેરીઓની વાત કરતાં ગળે લાવી દે છે. એવી રીતે કયારેક હસાવી જાય છે. ડિકન્સના તરંગોની દુનિયામાં આજના વાચકોને પણ રૂચિકર લાગે એવી વાત હોય છે.

'પીકવીક પેપર્સ' નવલકથાના લેખક ચાર્લ્સ ડિકન્સનો જન્મ ૭મી ફેબ્રુઆરી ઇ.સ.૧૮૧૨ માં પોર્ટસીમાં જહોન ડિકન્સના કુટુંબમાં થયો હતો. જહોન ડિકન્સ નેવીના એકાઉન્ટ ઓફિસમાં એક સામાન્ય કલાર્કની ફરજ બજાવતા. ચાર્લ્સની માતાએ લેડી બ્લેન્ડ ફોર્ડને ત્યાં વર્ષો સુધી સામાન્ય આયા તરીકે કામ કરેલું. જહોનનો સ્વભાવ ખૂબ જ ખર્ચાળ એટલે ચાર્લ્સને આર્થિક સંકડામણનો અનુભવ નાનપણથી જ થયો. આ પ્રકારની પરિસ્થિતિ સમજીને ચાર્લ્સને નાનપણથી પેટિયું રળવાની ફરજ પડી અને આવશ્યક શિક્ષણનો અભાવ રહ્યો. ચાર્લ્સ તેર વર્ષની ઉંમરે એકાદ નાનકડા રંગના કારખાનામાં જ મજુરી કરવાની શરૂ કરી. અચાનક જહોન ડિકન્સના ઉડાઉ સ્વભાવને કારણે લેણદારની રકમ ભરપાઇ ન કરી અને તેમને 'માર્શલસી' જેલમાં થોડો વખત સજા ભોગવવી પડી. બાળપણથી જે કોઇ માઠા અનુભવો ડિકન્સને થયા તેનો ઉલ્લેખ પરોક્ષ રીતે એમણે 'બ્લીક હાઉસ, 'લિટલ ડોરીટ' જેવી નવલકથાઓમાં કર્યો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

મન જો સંકલ્પ કરે તો....

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

મન જો સંકલ્પ કરે તો... માનવીનો બેડો પાર થઈ જાય. મન જો સંકલ્પ કરે તો... અશક્યને શક્ય બનાવે. મન જો સંકલ્પ કરે તો... મુશ્કેલી માર્ગ બની જાય. મન જો સંકલ્પ કરે તો.... પ્રશ્નો પગથિયાં બની જાય.

કેવું અદ્ભુત! સંકલ્પ પણ કોઈ દિવ્ય ચીજ છે. એનાં પરિણામો અગાધ છે. જેવા સંકલ્પ એવી સિદ્ધિ! પણ મૂળ તો સંકલ્પ કરવો એ જ બહુ અઘરૂં છે. તેમ છતાં જો મન સંકલ્પ કરે તો બધું જ અઘરૂં સહેલું બની જાય. આમ તો મન ચંચળ. ખૂબ ચંચળ. ચંચળતા એનો ગુણધર્મ. પણ સંકલ્પથી મનનો ગુણધર્મ બદલાય. સંકલ્પથી મન અચલ થાય. અચલ- હિમગિરિ જેવું. સંકલ્પથી મનની ગતિ ઊર્ધ્વ બને. ગતિમાં આરોહ આવે- અવરોહ અને અવરોધો દૂર થાય. છેવટે જેવાં મન તેવા માનવી.

માનવીના મનની શક્તિ અપાર છે. એ માનવી પાસે કેવાં કેવાં કામ કરાવે છે!

મુંબઈમાં એક જાદુગર જાદુના ખેલ કરતો હતો. તેણે પ્રેક્ષકોમાંથી એક માણસને બોલાવ્યો અને કહ્યું 'જુઓ, આ ચમચો ખૂબ ગરમ છે.'

પેલો માણસ હસવા લાગ્યો, કારણ કે થોડીવાર પહેલાં જ એ ચમચા વડે જાદુગરે કેટલાક ખેલ કર્યા હતા, અને તે ચમચાને પાણીમાં ઝબોળ્યો હતો. ફરી જાદુગરે તે ચમચો એક કપડા વડે પકડીને કહ્યું, 'આ ચમચો ગરમ છે. તમે શા માટે માનતા નથી? હું તો એને એમ ને એમ ઉપાડી શકતો પણ નથી. ખરેખર ચમચો બહુ ગરમ છે. હવે તો આ કપડા સોંસરવો ગરમ લાગે છે. તમે ખાતરી કરી જુઓ.' પેલો માણસ ફરી હસવા લાગ્યો અને તેણે ચમચો કપડા વિના જ ઉપાડવાની કોશિશ કરી. તેનાથી તે ચમચો ઉપાડી શકાયો નહીં. ચમચાને અડતાં જ તે દાઝી ગયો!

હવે જાદુગરે પ્રેક્ષકોમાંથી બીજા એક માણસને બોલાવી તેને જણાવ્યું કે, 'ખરેખર હવે ચમચો ગરમ નથી.' અન્ય પ્રેક્ષક માનતો નહોતો. બાજુની ખુરશીમાં બેઠેલા માણસના હાથમાં દાઝી જવાથી ઊઠેલો ફોલ્લો તેણે જોયો હતો. એટલે તેણે ચમચો ઉપાડવાની ના પાડી. પણ જ્યારે વાતાવાતમાં જાદુગરે તે ચમચો તેના હાથને અડાડ્યો ત્યારે તેને ખાતરી થઈ કે ચમચો ખરેખર ઠંડો જ હતો. તેણે તે ચમચો શાંતિથી ઉપાડ્યો. તેને એકેય ફોલ્લો પડ્યો નહીં.

જે માણસના મનમાં તે ચમચો ગરમ છે એવું દૃઢ થયું તેને કારણે તે દાઝી ગયો અને દાઝેલો ઘા રૂઝાવવા મલમ લગાવવો પડ્યો.

સંમોહન બીજું કંઈ નથી, ફક્ત દૃઢ મનનું પરિણામ છે. એ જ જાદુગરે એક નબળા માણસને પ્રેક્ષકોમાંથી બોલાવ્યા. એમને સંમોહનથી સુવડાવ્યા. થોડીવારમાં તે માણસને તેણે જણાવ્યું, 'તમે તમારી અત્યારની સ્થિતિ ભૂલી જાઓ' ત્યારે આગળ ચલાવ્યું, 'તમે બહુ જ બળવાન છો, તમારી તાકાતનું માપ નીકળે તેમ નથી.' તે માણસ હવે જાગ્રત બન્યા હતા. તેમની છાતી ઉપર પાટિયું મૂકવામાં આવ્યું અને તેમની ઉપરથી હાથી ચલાવવામાં આવ્યો. તે માણસને કાંઈ થયું નહીં! ફરી તેમને મૂળ સ્થિતિમાં લાવી જાદુગરે પ્રક્ષકો વચ્ચે બેસાડ્યા. તેમને જ્યારે ખબર પડી કે તેમની છાતી ઉપર હાથી ઊભો રહ્યો છતાં તેમને કંઈ જ ના થયું ત્યારે તે આશ્ચર્યમાં પડી ગયા. પણ કાયમ માંદા રહેતા, પણ આ બનાવ પછી તે સાજા થઈ ગયા છે. તેમનું શરીર પહેલાં કરતાં ઘણું સ્વસ્થ બન્યું છે ને ત્યારબાદ દવાખાનાનાં દર્શન પણ કર્યા નથી! તે જાદુગરે જણાવ્યું કે, 'માણમાં સુષુપ્ત શક્તિ પડેલી છે, તેને તેનો વિશ્વાસ નથી એટલું જ. મેં તો સંમોહન દ્વારા તેમના સ્વાભાવિક બળને જાગ્રત કરવાનું કામ જ કર્યું છે.'

શરીરની શક્તિ વિશે જો મનમાં શંકા હોત તો તે માણસ હાથીના ભારથી ચગદાઈ જાત. પણ સંમોહિત અને સંકલ્પિત મને તેની શંકા દૂર કરીને તે ખૂબ તાકાતવાન છે એવો ભાવ જગાવી દીધો હતો.

આ છે મનની તાકાત. તન પર પણ તેની ખૂબ અસર પડે છે. દૃઢ સંકલ્પવાન બનવા માટે મનમાં પૂર્ણ આસ્તિક્તાની ભાવના જગાડવી જોઈએ. શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોત પ્રજવલિત કરવી જોઈએ. શ્રદ્ધા, વિશ્વાસ અને આસ્તિકતાને ડગાવી દે અને કચડી દે એવા અનેક વિઘ્નો આવતાં જ હોય છે... છતાં દૃઢ સંકલ્પિત મન એને લાંઘી શકે. પ્રહલાદ પર ઓછી આપત્તિઓ આવી હતી? પણ એણે પોતાનો સત્ય સંકલ્પ ન છોડ્યો અને પ્રભુદર્શનનો અધિકારી બન્યો. ધ્રુવના દૃઢ સંકલ્પ અને તપને કારણે જ તે ભગવાનના ખોળામાં બેસી શક્યો. ગંગોત્રી, જમનોત્રી, બદ્રીનાથ અને કેદારનાથની ગુફાઓના અમાપ રઝળપાટ પછી સ્વામી દયાનંદ સરસ્વતીને તપસ્વીઓનાં દર્શન થતાં અને અનંત શિવનો સાક્ષાત્કાર થયો. પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિની મૂર્તિ મીરાંબાઈને તેના દૃઢ સંકલ્પે જ લોકલાજથી પર કરી અને હળાહળ ઝેરથી અભય આપ્યું. શિવસંકલ્પ જ સાધક અને સાધ્ય વચ્ચે સાધનારૂપ સેતુ છે.

સ્વામી યોગાનંદજીએ અમેરિકામાં એક પ્રયોગ કર્યો હતો. પોતાના આશ્રમમાં ઊગેલા કાંટાળા થોરના ઝાડને ઉદ્દેશીને રોજ દિવસમાં ત્રણ-ચાર વાર તેમણે વિચાર્યા કર્યું... 'આ આશ્રમ રક્ષાયેલો છે, તેની દિવાલ આશ્રમમાં કોઈ બહારના પ્રાણીને આવવા દેશે નહીં. તો હે થોર! તમે કેવળ કાંટા શા માટે ઉગાડો છો? વળી, અહીં કોઈ તમોને કાપી જાય તેમ પણ નથી. ઊલટું, આશ્રમની શોભા વધારવા તમોને રોજ પૂરતું પાણી પિવડાવાય છે, ખાતર અપાય છે તો હવે કાંટા ઉગાડશો નહીં.'

આ થોરને ઉદ્દેશી તેમણે રોજ મનથી સંકલ્પ કર્યો. ત્રણ માસમાં તો કાંટા વિનાના થોર ઊગવા લાગ્યા. તેના ફોટ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. મનની વિધેયક શક્તિએ જડ ગણાતી સૂક્ષ્મ ચેતન વનસ્પતિને સ્પર્શ કર્યો.

એક સજ્જને પોતાના ઘરમાં વધી ગયેલ વંદા ઉપર બધી જ દવા અજમાવી જોઈ... પણ વાંદાની વસ્તી વધતી જ ચાલી છેવટે તેમણે મનમાં સંકલ્પથી વાંદાઓને ગટરમાં ચાલ્યા જવા વિનંતી કરી. પરિણામે બે-એક માસ પછી તેમના ઘરમાં એક પણ વાંદો ન રહ્યો!

સંકલ્પ મનની-વિચારની શક્તિ છે. આ શક્તના તરંગો સૂક્ષ્માતિસૂક્ષ્મ રીતે વ્યક્તિ વ્યક્તિને અને જડ-ચેતન પદાર્થને સ્પર્શે છે અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં અપેક્ષિત અનુકૂળતાઓ ઉત્પન્ન કરે છે. પ્રેમચંદજી મનની શક્તિ વર્ણન કરતાં કહે છે-

મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ
માનવી ઉપર મનનો કાબૂ એટલે વિનાશ.

તો ચાલો.... મનને સંકલ્પિત કરી વિકાસનો માર્ગ પ્રશસ્ત કરીએ.